| GJDH070008192026 | | કેસ રજુ તારીખ | ૧૩/૦૫/૨૦૨૬ | | |
|---|---|---|---|---|---|
| | | કેસ દાખલ તારીખ | ૧૩/૦૫/૨૦૨૬ | | |
| | | ફેસલ તારીખ | ૧૭/૦૬/૨૦૨૬ | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | | | |

**ફતેપુરાના મે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.ફતેપુરા.**

**ફોજદારી કેસ નં.–૭૫૯/૨૦૨૬**
આંક–

ફરીયાદી :– શ્રી સરકાર

**વિરૂધ્ધ**

આરોપી :– **(૧) સુમિત્રાબેન વા/ઓ મલજીભાઈ મછાર**
**(૨) મલજીભાઈ નુરાભાઈ મછાર**
**(૩) પ્રકાશભાઈ મલજીભાઈ મછાર**
તમામ રહે.વાઘવડલા, તા.ફતેપુરા જી.દાહોદ.

**ગુન્હો :– ઈ.પી.કો.કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબ**

––––––––––––––––––––––––––––
ફરીયાદ પક્ષે :–વિ.એ.પી.પી.શ્રી એમ.એન.કટારા
આરોપી પક્ષે :–વિ.વ.શ્રી એલ.જી.નિનામા
––––––––––––––––––––––––––––

**–:((ચુકાદો)):–**

ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,

(૧) આ કામે હકીકત એવી છે કે આ કામના આરોપીઓએ તા.૦૧/૧૧/૨૦૧૭ ના બપોરના ૧૬/૩૦ વાગે વાઘવડલા ગામે હુ તથા મારી પત્ની સુશીલાબેન તથા મારી થાવરીબેન એ રીતેના મારા ઘરે હતા તેવામાં અમારી નજીકમાં રહેતા મોટાભાઇ મલજીભાઇ નુરાભાઇ મછાર તેના હાથમાં લાકડી લઇ તેની પત્ની સુમિત્રાબેન તથા તેનો છોકરો પ્રકાશશભાઇ એ રીતેના અમારા ઘરે આવી। અને અમોને મા બેન સમાણી ગાળો બોલી કહેલા લાગેલ કે કુવો તથા ઘર મારુ છે અહીથી જતા રહો એક કહી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા હોય જેથી ગાળો બોલવા ના પાડતા તમામ એકદમ ઉશ્કેરાઇ ગયેલા અને મોટાભાઇ મલજીભાઇ નુરાભાઇ મછાર તેના હાથમાંની લાકડી મારી થાવરીબેનને લાકડીથી ઝપાઝપી કરતા મારી મા થાવરીબેનને કપાળમાં તેમજ ડાબી આંખ ઉપર લાકડીથી ઈજા થયેલ આથી મારી ભાભી સુમિત્રાબેન તથા તેનો છોકરો પ્રકાશ એ રીતેના મને તથા મારી મા ને ગડદાપાટુનો માર મારવા લાગે તે વખતે મે બુમાબુમ કરતા મારી નજીકમાં મારા કાકાનો છોકરો મનુભાઇ રૂપાભાઇએ એ રીતેનો દોડી આવેલ અને વધુ મારમાંથી છોડાવેલ. મારી મા થાવરીબેનને વાગેલ હોય ૧૦૮ માં સરકારી દવાખાને લાવી ગુનો કરેલ. જે બનાવ સંબંધે ફરીયાદીએ ફરીયાદ આપતાં ગુનો નોંધાયેલ અને તપાસ કરનાર અમલદારે પુરતી તપાસ કરી હાલના આરોપીઓ વિરુધ્ધ પુરાવો પડતાં સદર ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આ કામે આરોપીઓને સમન્સની બજવણી થતાં તેઓને ક્રિ.પ્રો.કો.ની કલમ ૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે પૂરી પાડયાની ખાતરી કર્યા બાદ, આરોપીઓને તેઓની સામેના ગુના અંગે સમજ આપી આંક– ૪ થી તહોમતનામુ ફરમાવી વાંચી સંભળાવી સમજાવી આંક– ૫ થી ૭ થી આરોપીઓનું નિવેદન લેતાં આરોપીઓએ તેમની સામેના ગુન્હાનો ઈન્કાર

કરતાં, ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે અને ફરિયાદ પક્ષે રજુ થયેલ પુરાવો રેકર્ડ કરવામાં આવેલ છે.

(૩) ફરીયાદ પક્ષે આ કામે નીચે મુજબ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે :–

| ક્રમ. | –:: મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ::– | આંક. |
|---|---|---|
| ૦૧. | ફરીયાદી સુરેશભાઇ નુરાભાઇ મછાર ની જુબાની | ૦૮ |
| ૦૨. | ફરીયાદની નકલ | ૦૯ |
| ૦૩. | સાહેદ થાવરીબેન નુરાભાઇ મછાર ની જુબાની | ૧૦ |
| ૦૪. | અટક પંચનામું | ૧૧ |
| ૦૫ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૨ |
| ૦૬ | એમ.એલ.સી.સર્ટીફીકેટ | ૧૩ |

(૪) ત્યારબાદ ફરીયાદપક્ષે વધુ પુરાવો આપવો ન હોઈ વિ.એ.પી.પી.શ્રીએ આંક–૧૪ થી પુરશીશ રજુ કરી પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. ફરીયાદપક્ષનો પુરાવો જોતા ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓના વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોઈ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીઓના વકીલશ્રીની દલીલો સાંભળી.

(૬) પક્ષકારોના બચાવ નિવેદન અન્વયે સદર કેસના નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

**–//(મુદ્દાઓ)//–**

૧. શું ફરિયાદ પક્ષ નિ:શંક પણે પુરવાર કરે છે કે, તમો આરોપીઓએ તા.૦૧/૧૧/૨૦૧૭ ના બપોરના ૧૬/૩૦ વાગે વાઘવડલા ગામે હુ તથા મારી પત્‍ની સુશીલાબેન તથા મારી થાવરીબેન એ રીતેના મારા ઘરે હતા તેવામાં અમારી નજીકમાં રહેતા મોટાભાઇ  મલજીભાઇ નુરાભાઇ મછાર તેના હાથમાં લાકડી લઇ તેની પત્‍ની સુમિત્રાબેન તથા તેનો છોકરો પ્રકાશશભાઇ એ રીતેના અમારા ઘરે આવી। અને અમોને મા બેન સમાણી ગાળો બોલી કહેલા લાગેલ કે કુવો તથા ઘર મારુ છે અહીથી જતા રહો  એક કહી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા હોય જેથી  ગાળો બોલવા ના પાડતા તમામ એકદમ ઉશ્કેરાઇ ગયેલા અને  મોટાભાઇ મલજીભાઇ નુરાભાઇ મછાર તેના હાથમાંની લાકડી મારી થાવરીબેનને લાકડીથી ઝપાઝપી કરતા મારી મા થાવરીબેનને કપાળમાં તેમજ ડાબી આંખ  ઉપર  લાકડીથી ઇજા થયેલ આથી  મારી ભાભી સુમિત્રાબેન તથા તેનો  છોકરો પ્રકાશ એ રીતેના મને તથા મારી મા ને ગડદાપાટુનો માર મારવા લાગે તે વખતે મે બુમાબુમ કરતા મારી નજીકમાં મારા કાકાનો છોકરો મનુભાઇ રૂપાભાઇએ એ રીતેનો દોડી આવેલ અને વધુ મારમાંથી  છોડાવેલ. મારી મા થાવરીબેનને વાગેલ હોય ૧૦૮ માં સરકારી દવાખાને લાવી ગુનો કરી ભારતીય ફોજદારી અધીનીયમની  કલમ – ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે :–

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત નિર્ણયો માટેના મારા કારણો નીચે મુજબ છે :–

**મુદ્દા નં. ૧ :–**

(૮.૧) ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં આંક– ૦૮ થી ફરીયાદી સુરેશભાઇ નુરાભાઇ મછારને તથા આંક –૧૦ થી થાવરીબેન નુરાભાઇ મછારને તપાસેલ છે. તેઓએ પોતાની સમગ્ર જુબાનીમાં ફરીયાદ હકીકતને સમર્થનકર્તા કોઈ પુરાવો આપેલ ન હોઈ સદર સાહેદને ફરિયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરી એ.પી.પી. દ્વારા તેની કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ તેઓ ફરીયાદની હકીકતને સમર્થનકારક પુરાવો આપતા નથી. આમ આ સાહેદના પુરાવાથી ફરીયાદની હકીકત સાબીત થઈ શકેલ નથી તેમ આ અદાલતનું અતિનમ્રપણે માનવું છે.

(૮.૨)ફરીયાદપક્ષે આંક– ૧૧ થી અટક પંચનામા તથા આંક : ૧૨ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા આંક : ૧૩ થી એમ.એલ.સી.સર્ટીફીકેટ રજુ થયેલ છે પરંતુ સદર દસ્તાવેજ પુરવાર કરવા ફરીયાદપક્ષે કોઈ સાહેદો તપાસેલ નથી જેથી સદર દસ્તાવેજો પુરવાર માની શકાય નહિ તેમ આ અદાલતનું અતિનમ્ર પણે માનવું છે.

(૮.૩)આ કામે આરોપીઓ વિરુધ્ધના તહોમત અનુસાર ઈ.પી.કો.કલમ–૩૨૩ મુજબના ગુના પુરતા પુરાવાનુ સમગ્ર મુલ્યાંકન કરવામાં આવે તો, કલમ–૩૨૩ ના તત્વો આરોપીઓએ શારીરિક પીડા કે વ્યથા કરવાના ઈરાદે સ્વેચ્છાપુર્વક કૃત્ય કરેલ હોવુ જોઈએ. હાથ ઉપરના કેસમાં કહેવાતા બનાવમાં ઈજા પામનાર સાહેદ કે જે ખુદ ફરીયાદી તથા અન્ય સોહદો છે તેઓએ આરોપીઓએ તેઓને કોઈ માર મારેલ નથી તેવી હકીકત જણાવતા હોય તેવા સંજોગોમાં માત્ર ફરીયાદ પર આધાર રાખીને સદર ગુના

માટે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી તેમ આ અદાલતનુ નમ્ર પણે માનવુ છે.

(૮.૪)હવે આ કામે આરોપીઓ વિરુધ્ધના તહોમત અનુસાર ઈ.પી.કો.કલમ–૫૦૪, ૫૦૬(૨) મુજબના ગુના પુરતા પુરાવાનુ સમગ્ર મુલ્યાંકન કરવામાં આવે તો, આરોપીઓએ આપેલ ગુન્હાહિત ધમકીની કોઈ અસર ભોગ બનનાર ઉપર થયેલ હોય જેથી આક્ષેપિત બનાવ બાદ ફરીયાદી સતત ભયના ઓથાર હેઠળ જીવતા હોય અને પોતાનુ રોજીંદુ કામકાજ  કરી શકતા ન હોય તેવો કોઇ પુરાવો ફરીયાદ પક્ષે રજુ થયેલ નથી. જે સંજોગોમાં ફરીયાદ પક્ષે રજુ તમામ પુરાવા આધારે આરોપીઓ વિરુદ્ધ ઇ.પી.કો. ૫૦૬(૨) મુજબનો ગુનો પુરવાર થતો નથી તેમ પ્રસ્થાપિત થતુ હોય આરોપીઓને તેમની સામેના ઈ.પી.કો.કલમ–૫૦૬(૨) મુજબ સજાને પાત્ર ગુન્હા બદલ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૯) હવે આ કામે આરોપીઓ વિરુધ્ધના તહોમત અનુસાર ઈ.પી.કો.કલમ–૫૦૪ ના તત્વો સુલેહ ભંગ કરવા ઉશ્કેરવાના ઈરાદાથી અપમાન કરેલ હોવુ જોઈએ. તે સંદર્ભે જોઈએ તો ફરીયાદી તેમની જુબાનીમાં આરોપીએ બનાવ સમયે ખરેખર કયા ગુન્હાહીત અથવા તો બિભત્સ શબ્દો ઉચ્ચારેલ તે મૌખિક અગર તો લેખિત સ્વરુપે પણ જણાવેલ નથી. આમ, માત્ર ગાળો દીધેલાનો આક્ષેપ કરવા માત્રથી તેવો ગુન્હો પુરવાર થયેલો ગણી શકાય નહી. વધુમા આ કામે રજુ થયેલ ફરીયાદીના પુરાવો જોતા તેઓએ પોતાના પુરાવા માટે જણાવે છે કે બનાવ વખતે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કશુ બનેલ નહિ.

(૧૦) આમ, આ કામે રજુ કરવામાં આવેલ તમામ પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે ખુદ ફરીયાદી ફરીયાદ હકીકતને સમર્થન આપતા ન હોય

તેવા સંજોગોમાં ફરીયાદપક્ષે અન્ય સાહેદોને કે ત.ક.અમલદારને તપાસેલ નથી કારણ કે તેમને તપાસવાથી કેસના ગુણદોષને કોઈ અસર થાય તેમ નથી. વધુમાં ખુદ ફરીયાદીએ કલોઝીંગ પુરસીસ આપેલ છે તેમજ ફરીયાદપક્ષે પંચનામા પણ પુરવાર થયેલ નથી. આમ,કેસની હકીકત, સંજોગો, કારણો લક્ષમાં લેતાં ફરિયાદપક્ષના સાહેદના સમર્થનકારક મૌખિક પુરાવાના અભાવે આરોપીઓ સામેનો કેસ શંકાથી પર પુરાવાથી પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોય મુદ્દા નં.૧નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -:((હુકમ)):-

(૧) આ કામના આરોપી નં. **(૧) સુમિત્રાબેન વા/ઓ મલજીભાઈ મછાર** નં. **(૨) મલજીભાઈ નુરાભાઈ મછાર** નં. **(૩) પ્રકાશભાઈ મલજીભાઈ મછાર** તમામ રહે.વાઘવડલા,તા.ફતેપુરા જી.દાહોદ.તમામ રહે.શકવાડા , તા.ફતેપુરા જી. દાહોદ.નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતા-૧૯૭૩ ની કલમ-૨૪૮(૧)અન્વયે,ઈ.પી.કોડની કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે, નિર્દોષ ઠરાવી, છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) હાલનો ચુકાદો, ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૩૫૩(૬) મુજબ આરોપીની ગેરહાજરીમાં જાહેર કરવામાં આવેલ છે (શરદ જેઠાલાલ સાવલા વિ. સ્ટેટ ઓફ ગુજરાત ફોજદારી પરચુરણ અરજી નં.૯૮૬૨/ ૨૦૧૫,

નિર્ણીત તા.૧૪/૧૧/૨૦૧૬ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના સરકયુલર નં .૧૬૧૮/૨૦૧૬, તા.૫/૭/૨૦૧૬)

(૩) મુદામાલનો અપીલ સમય બાદ કાયદા મુજબ યોગ્ય નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામે આરોપીએ અગાઉ આપેલ જામીન ફોજદારી કાર્યરીતી સંહિતા ૧૯૭૩ની કલમ–૪૩૭ (એ) મુજબ અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ફતેપુરા.
તારીખ :૧૭/૦૬/૨૦૨૬

**(કુલદીપ આર. શર્મા)**
જયુડીશ્યલ.મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, ફતેપુરા.
**કોડ નં.જી.જે.૦૧૬૪૧**